# 21 સામાજિક પરિવર્તન

F5J7N7

સમાજની રચનાના માળખામાં અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં આવતા બદલાવને સામાજિક પરિવર્તન તરીકે ઓળખવામાં આવે છે. પશ્ચિમીકરણ, વૈશ્વિકીકરણ અને શહેરીકરણના કારણોસર સામાજિક સંબંધોમાં, કુટુંબ વ્યવસ્થામાં, લગ્ન વ્યવસ્થામાં, સંસ્કૃતિમાં લોકોની જીવનશૈલી, સાહિત્ય, કલા-સંગીત અને નૃત્યના ક્ષેત્રોમાં આમૂલ સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં છે. જેને કારણે લોકો એક-બીજાની સંસ્કૃતિથી પરિચિત થયાં. ભૌતિક ચીજો, ભોગવિલાસનાં સાધનો આધુનિક ઉપકરણોનો ઉપયોગ, તથા રોજિંદા જીવનમાં વપરાતાં વિવિધ સાધન સુવિધાઓ છેક ગ્રામીણ સમાજ સુધી પહોંચ્યાં છે. લોકોનાં ઘરો, તેની બાંધણીમાં તથા બાંધકામની અદ્યતન શૈલીઓમાં પરિવર્તનો આવ્યાં. સમાજમાં ભૌતિક પરિવર્તનો થકી લોકોનાં જીવનધોરણ સુધર્યાં. જીવનશૈલીમાં પાશ્ચાત્ય સંસ્કૃતિની છાંટ દેખાવા કે અનુભવવા લાગી. તેની સાથે સમાજની રચના અને કાર્યોમાં પણ પરિવર્તનો આવ્યા તેને સમાજિક પરિવર્તન કહી શકાય.

### કાયદાનું સામાન્ય જ્ઞાન અને તેની જરૂરિયાત

આપણા દેશમાં સાક્ષરતાનું નીચું પ્રમાણ, સામાન્ય રીતે રોજિંદા વ્યવહારમાં જરૂરી એવાં નીતિ-નિયમોની જાણકારીના અભાવના કારણોસર લોકોનું કાયદાઓનું સામાન્ય જ્ઞાન, સમજણ કે જાણકારી ઘણી ઓછી જોવા મળે છે. લોકોને કાયદાની જાણકારી ન હોય અને તે કાયદાનું ઉલ્લંઘન કરે તો તેને સજા કે દંડમાંથી માફી મળતી નથી. તેથી સામાન્ય રીતે પ્રત્યેક નાગરિકને કાયદાનાં જ્ઞાન, સમજણ અને જાણકારી આપવી જરૂરી બની છે.

### કાયદાના સામાન્ય જ્ઞાનની જરૂરિયાત શા માટે ?

કાયદાનાં સામાન્ય જાણકારી, જ્ઞાન અને સમજણ હોવા અત્યંત જરૂરી છે.

(1) કાયદાનાં સામાન્ય જ્ઞાન અને કાયદાના શિક્ષણ થકી પ્રજાજન કાયદાનો ભંગ કરતાં કે ગુનાહિત કાર્ય કરતાં અટકે છે અને શિક્ષા, દંડની જોગવાઈઓથી બચી શકે છે.

(2) શોષણ અને અન્યાય સામે લડવા કેવાં કાયદેસરનાં પગલાં લઈ શકાય તેનું માર્ગદર્શન મેળવી શકે છે.

(3) બંધારણીય હક્કો અને વ્યક્તિગત હિતોના રક્ષણાર્થે, અધિકારો સારી રીતે ભોગવી શકે.

(4) વ્યક્તિના સંરક્ષણ, અને ઉત્કર્ષ અર્થે બનાવેલી વિવિધ કાયદાકીય જોગવાઈઓથી તે માહિતગાર બને.

(5) સમાજ, રાજ્ય અને રાષ્ટ્ર પ્રત્યે તેની વફાદારી વધે.

(6) સમાજના જવાબદાર નાગરિક તરીકેનાં હક્કો, અધિકારોથી વંચિત ન રહે તેમજ સામાન્ય નાગરિક તરીકેની ફરજો અદા કરી શકે તે માટે,

(7) કાયદાના જ્ઞાન અને સમજથી પ્રત્યેક વ્યક્તિ સમાજમાં પ્રતિષ્ઠા અને ગૌરવભર્યું જીવન જીવી શકે તે માટે કાયદાનું સામાન્ય જ્ઞાન અને જાણકારી અત્યંત જરૂરી છે.

### નાગરિકોના અધિકારો

સામાજિક પરિસ્થિતિઓ વચ્ચે કોઈપણ સામાન્ય વ્યક્તિ માનવ હક્કો કે અધિકારો વિના પોતાનો વિકાસ સર્વોત્તમ રીતે સાધી શકતો નથી. માનવ અધિકારો એ નાગરિક્તાનું અનિવાર્ય લક્ષણ છે. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.)એ તેના માનવહક્કોના ઘોષણા પત્ર (ચાર્ટર ઑફ રાઈટ્સ)માં તમામ વ્યક્તિઓને કોઈપણ જાતના ભેદભાવ વિના કેટલાક સામાન્ય અધિકારો આપ્યા છે. તે મુજબ વિશ્વનાં તમામ રાષ્ટ્રોએ પોતાના નાગરિકોને અધિકારો સરળ અને સુગમતાથી પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા એમ જણાવ્યું હતું.

ભારતીય બંધારણમાં લોકતંત્રની સ્થાપના માટે તેના પ્રત્યેક નાગરિકને કોઈપણ જાતના ભેદભાવ વિના છ મૂળભૂત અધિકારો આપ્યા છે, જેનો વિગતે અભ્યાસ આપણે ધોરણ 9 માં કરી ગયા છીએ. તેથી અહીં માત્ર તેનું સ્મરણ કરી લઈએ.

**નાગરિકોના મૂળભૂત અધિકારો નીચે મુજબ છે :**

(1) સમાનતાનો અધિકાર

(2) સ્વતંત્રતાનો અધિકાર

(3) શોષણ વિરોધી અધિકાર

(4) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

(5) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

(6) બંધારણીય ઈલાજોનો અધિકાર



**21.1 નાગરિકોના અધિકારો**

જો કોઈપણ રાજ્ય કે રાષ્ટ્ર આ અધિકારોનો ભંગ કરીને નાગરિકોને તેના હક્કથી વંચિત રાખવાનો પ્રયત્ન કરે તો નાગરિકો તેના બંધારણીય હક્કોના રક્ષણ માટે અને ન્યાય મેળવવા વડી અદાલત (હાઈકોર્ટ) અથવા સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ)નાં દ્વાર ખટખટાવી શકે છે. આ હક્ક નાગરિકને 'બંધારણીય ઈલાજોના અધિકાર' હેઠળ પ્રાપ્ત થયો છે. તેથી તેને બંધારણનો આત્મા કહે છે. ન્યાયતંત્રની ફરજ બને છે કે તેણે નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું અને પ્રત્યેક નાગરિકોને સરળ, સસ્તો, ઝડપી અને પ્રભાવશાળી ન્યાય પ્રદાન કરવો જોઈએ.

## બાળકોના અધિકારો

આપણા સમાજમાં સૌથી વધુ અસુરક્ષિત વર્ગ બાળકો છે. કોઈપણ રાષ્ટ્રના વિકાસનો આધાર તેનાં બાળકોની સુરક્ષિતતા, તેનાં શિક્ષણ, સંસ્કાર અને તેને પૂરી પાડેલ વિકાસની તકો પર નિર્ભર છે. જો બાળક શિક્ષિત, રક્ષિત અને સંસ્કારોથી દિક્ષિત હશે તો તે સારો નાગરિક બનીને કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં યથાશક્તિ યોગદાન આપી શકશે અને રાષ્ટ્ર માટે આવા નાગરિકો આશીર્વાદરૂપ બનશે, અને તેથી જ બાળવિકાસ અને બાળકલ્યાણ સાધવું એ સામાજિક વિકાસની પૂર્વશરત છે. જો બાળકો રાષ્ટ્રની સંપત્તિરૂપ હોય તો તેનો ઉછેર, સારસંભાળ અને વિકાસ ખૂબ જ કાળજીપૂર્વક અને જવાબદારી પૂર્વક કરવો જ રહ્યો. બાળકો શારીરિક દૃષ્ટિએ સ્વસ્થ અને સક્ષમ બને, માનસિક રીતે તે ચેતનવંત બને, તેમની બૌદ્ધિક શક્તિઓનો વિકાસ કરે, તેનામાં નૈતિક મૂલ્યોનાં સંવર્ધન દ્વારા તે સ્વસ્થ, સમજદાર અને જવાબદાર નાગરિક બને તે જોવાની આપણી પ્રાથમિક ફરજ બની રહે છે.

સંયુક્ત રાષ્ટ્રોએ ઈ.સ. 1992માં તેમના 'અધિકારોના ઘોષણા પત્ર'માં (ચાર્ટર ઑફ રાઈટ્સ) બાળકોના કલ્યાણ અને તેમનો વિકાસ સાધવા માટેના કેટલાક બાળ અધિકારો જાહેર કર્યા છે. આ બાળ અધિકારોને આપણા બંધારણમાં સ્થાન આપી તેને વ્યવહારમાં ચરિતાર્થ કરવા પ્રયત્નો કર્યા છે જે નીચે મુજબ છે :

(1) જાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ કે રાષ્ટ્રીયતાના કોઈપણ ભેદભાવ વિના પ્રત્યેક બાળકને જીવન જીવવાનો જન્મજાતઅધિકાર છે.

(2) માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલન-પોષણ થાય તથા કોઈ ખાસ કારણ વિના બાળકને તેનાં માતાપિતાથી અલગ કરી શકાય નહિ.

(3) પોતાના વ્યક્તિત્વનો વિકાસ સાધી શકે એ માટે દરેક બાળકને શિક્ષણ મેળવવાનો મૂળભૂત અને હવે કાનૂની અધિકાર છે.

(4) દરેક બાળકને તેની વયકક્ષાને અનુરૂપ રમતગમત અને મનોરંજનની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તંદુરસ્ત, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે.

(5) દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ અને તેના સમુદાયમાં રહેવાનો તથા પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.

(6) દરેક બાળકને પોતાને કોઈપણ પ્રકારે થતાં શારીરિક કે માનસિક શોષણ કે અત્યાચારો સામે, નશીલી દવાઓના ઉપયોગ સામે, અમાનવીય યાતનાઓ સામે, શિક્ષા કે દંડ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે.

(7) દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવન ધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

## બાળકોના શોષણ કે અત્યાચારો સામે રક્ષણ

બાળક ખૂબ જ સંવેદનશીલ હોય છે. બાળક પર જાણી જોઈને કે દુર્ઘટના સ્વરૂપે શારીરિક ઈજા પહોંચાડવી, શારીરિક શિક્ષા કે ધમકીઓ આપવી, કડવાં વેણ કે અપશબ્દોથી તેનું અપમાન કે જાહેરમાં માનહાનિ કરવી, જાતીય સતામણી કે યૌનશોષણ કરવું કે અસહ્ય હદે મારપીટ કરવી વગેરે જેવી વિવિધ પ્રકારે શારીરિક કે માનસિક અથવા બન્ને પ્રકારની હિંસા એ બાળ અત્યાચારો કહેવાય છે.

મોટે ભાગે બાળકોનું શોષણ કે તેના પર અત્યાચારો તેનાં સગા-સંબંધીઓ, સ્વજનો, નિકટના મિત્રો, પડોશીઓ, નજીકની પરિચિત વ્યક્તિઓ કે માતા-પિતા દ્વારા થતાં હોવાના સમાચારો વર્તમાનપત્રો, ટી.વી. કે અન્ય સમૂહ માધ્યમો દ્વારા જોવા કે જાણવા મળે છે ત્યારે આપણી ફરજ બને છે કે...

(1) જ્યારે આપણે બાળકના વર્તન-વ્યવહારથી કે શારીરિક ઈજાના ચિહ્નોથી માહિતગાર થઈએ કે તરત જ તેની સમયસર અને યોગ્ય તબીબી સારવાર કરાવવામાં સહાય કરવી.

(2) સામાન્ય રીતે શોષણ પીડિત બાળક ભય, ધમકી કે શરમ સંકોચના કારણે કે સામાજિક પ્રતિષ્ઠા ભંગ થવાના ડરે ઘટનાની જાણ માતાપિતાને કરતાં સંકોચ કે ખચકાટ અનુભવીને માહિતી છુપાવે છે અને શોષણ સહન કર્યા કરે છે. તેથી આપણે કે માતાપિતાએ બાળકનો વિશ્વાસ સંપાદન કરીને, સત્ય હકીકતોને આધારે સામાજિક ડરને ગણકાર્યા વિના, જવાબદારોને સજા મળે તે માટે સત્વરે કાનૂની રાહે પગલાં ભરવાં જોઈએ.

(3) આવા શોષણ કે અત્યાચારોનો ભોગ બનેલ બાળકો પ્રત્યે સમાજ અને મિત્રો દ્વારા ધૃણા કે તિરસ્કાર કે અવગણના કર્યા વિના તેમના પ્રત્યે હૂંફ, પ્રેમ અને આપણી સંવેદના પ્રગટ કરીને સ્વીકૃતિ સાથે સહાનુભૂતિ પાઠવવી જોઈએ.

## બાળમજૂરી અને ઉપેક્ષિત બાળકો

બાળમજૂરી એ વૈશ્વિક સમસ્યા છે અને પ્રત્યેક દેશમાં વણથંભી ચાલે છે, જેના પર સત્વરે કાબૂ પામવો જ રહ્યો. 14 વર્ષથી ઓછી ઉંમરના શ્રમિકને બાળ મજૂર કે બાળશ્રમિક કહેવાય છે. યુનિસેફના અહેવાલ મુજબ, ''સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં બાળ શ્રમિકોની સંખ્યા કુલ વસ્તીના પ્રમાણમાં વિશ્વમાં સૌથી વધુ ભારતમાં જોવા મળે છે.''


21.2 બાળમજૂરી

ભારતીય અર્થતંત્રમાં બધાં જ ક્ષેત્રોમાં બાળ મજૂરી વિપુલ પ્રમાણમાં જોવા મળે છે, જેમકે હોટલો - ફેક્ટરીઓ, બાંધકામના ક્ષેત્રમાં, જોખમી વ્યવસાયોમાં જેવા કે ફટાકડાના વ્યવસાયમાં કે ઈંટોના ભઠ્ઠામાં, કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા કાર્યોમાં ખેત મજૂર, પશુ-પાલન કે મત્સ્ય ઉછેર જેવી પ્રવૃત્તિઓમાં જોવા મળે છે અને સેવાક્ષેત્રે ઘરનોકર, ચાના લારી-ગલ્લાઓ, હોટલો કે ઢાબાઓમાં, ગેરેજોમાં, લારી ખેંચવી, અખબાર વેચાણમાં, પ્લાસ્ટિક કે ભંગાર વીણવા જેવાં કાર્યોમાં, ભીખ માંગતા, કે રસ્તા પર સાફ-સફાઈના કામો કરતાં જોવા મળે છે.

## બાળ મજૂરી માટેનાં કારણો

ઉપરોક્ત ક્ષેત્રોમાં બાળમજૂરોની સ્થિતિ અત્યંત દયાજનક છે. આ સ્થિતિ જ બાળ અપરાધીને જન્મ આપતું એક જવાબદાર કારણ છે. બાળમજૂરી મજબૂરીવશ કરવા પાછળનાં કારણો ઘણાં છે. જેમકે, ગરીબી, માતા-પિતાની નિરક્ષરતા, કુટુંબનું મોટું કદ, કૌટુંબિક જરૂરિયાતોને પહોંચી વળવા કુટુંબની આવકમાં બાળમજૂરી કરીને આવક વધારવાના પ્રયાસ રૂપે, કુટુંબના પુખ્ત સભ્યોની બેકારી, ઘરેથી ભાગીને શહેરમાં વસતાં બાળકો આશ્રયના અભાવે પોતાનું જીવન ટકાવવા આજીવિકા મેળવવા, અનાથ કે નિરાધાર બાળકો, કે તેમનાં સગાં-સંબંધીઓ દ્વારા કે આશ્રય આપનારાઓ દ્વારા અપાતાં આશ્રય, ભોજન આપવાના બદલામાં દબાણપૂર્વક બાળમજૂરીની ફરજ પાડવામાં આવે છે.

## બાળ શ્રમિકોની માંગ વિપુલ પ્રમાણમાં હોવાનાં કારણો

ઘણાં ઉદ્યોગોમાં માલિકો કે કામે રાખનાર શેઠિયાઓ પોતાને ત્યાં પુખ્તવયના શ્રમિકો કરતાં બાળશ્રમિકોને રોજગારી રાખવાનું વધુ પસંદ કરે છે. નીચેનાં વિવિધ કારણોસર બાળશ્રમિકોની માંગ વિપુલ પ્રમાણમાં જોવા મળી છે.

(1) બાળ શ્રમિક એ શ્રમનું સસ્તામાં સસ્તું ઉત્પાદનનું સાધન છે. પુખ્ત વયનાં શ્રમિકો કરતાં બાળશ્રમિકો પાસે તુલનાત્મક રીતે ઓછા વેતને કે ઓછી મજૂરી-પગાર ચૂકવીને કામ કરાવી શકાય છે.

(2) તેઓ અસંગઠિત હોય, સંગઠનના અભાવે માલિકો વિરુદ્ધ તેઓ અવાજ ઉઠાવી શકતાં નથી કે વિરોધ પ્રદર્શિત કરી શકતાં નથી તેથી બાળશ્રમિકોનું સરળતાથી તેને ખબર ન પડે તે રીતે વિવિધ સ્વરૂપે શોષણ કરી શકાય છે.

(3) કઠીન કે જોખમી પરિસ્થિતિમાં પણ ઓછા વેતને અને નિર્ધારિત કામના કલાકોથી વધુ કામ ડરાવી, ધમકાવીને કે લાલચ આપીને કામ કરાવી શકાય છે.

(4) બાળશ્રમિકોની સંખ્યા વધુ છે તેથી ખૂબ જ પ્રમાણમાં અને સરળતાથી તેઓ મળી રહે છે.


(5) બાળકો ભણવાની ઉંમરે કુટુંબના સભ્યોની જરૂરિયાતોની પૂર્તિ કરવા, કમાવવાના વધુ બે હાથ રૂપે માતાપિતા બાળકોને જુએ છે અને બાળ મજૂરીએ ધકેલે છે.

આમ બાળકો નાની ઉંમરમાં રમત-ગમત, મનોરંજન, આરામ, બાળપણ, માતા-પિતાના પ્રેમ, હૂંફ, સાર સંભાળ અને શિક્ષણથી વંચિત રહી જાય છે. તેમાના કેટલાક કૂમળી વયે ગુનાહિત પ્રવૃત્તિઓ કરીને બાળ ગુનેગાર બને છે.

## બાળમજૂરી અટકાવવાના ઉપાયો

બાળમજૂરી કે, બાળશોષણ કે અત્યાચારોને રોકવા માટે સરકારે કેટલીક બંધારણીય જોગવાઈઓ કરી છે જે નીચે મુજબ છે :

(અ) 14 વર્ષથી ઓછી વયના બાળકને કોઈ કારખાનામાં કે કોઈપણ કામ-ધંધામાં કે વ્યવસાયમાં નોકરીએ રાખી શકાશે નહિ. આના ભંગ બદલ નોકરીદાતા સામે કાનૂની રાહે પગલાં ભરીને સજા કરાવી શકાય છે. (બ) બાળપણમાં કે કિશોરાવસ્થામાં તેનું કોઈપણ પ્રકારે શોષણ ન થાય તથા તેને નૈતિક સુરક્ષા અને ભૌતિક સુવિધાથી વંચિત કરી શકાશે નહિ. (ક) બંધારણનો અમલ શરૂ થયાના 10 (દશ) વર્ષમાં 14 વર્ષની ઉંમર સુધીનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રબંધ સરકારે કરવાનો રહેશે. જોકે આ સંદર્ભે કેન્દ્ર



21.3 બાળમજૂરી અટકાવો

અને રાજ્ય સરકારોએ 6 થી 14 વર્ષની વયજૂથનાં તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર સંબંધી કાયદો - 2009 અમલમાં મૂક્યો છે.


### વૃદ્ધો અને નિ:સહાયનું રક્ષણ :

વૃદ્ધો અને નિ:સહાય વ્યક્તિઓની સમસ્યાઓનો પ્રશ્ન વિશ્વ વ્યાપી છે, પરંતુ વૃદ્ધાવસ્થા એ કુદરતી ક્રમ છે. તેના જીવનની વૃદ્ધાવસ્થામાં તેમની સુરક્ષા અને સુખાકારી માટે સમાજે ચિંતા અને ચિંતન કરવાની ફરજ બને છે.



21.4 વૃદ્ધોને સહાય

ભારતમાં આરોગ્ય વિષયક સેવાઓ, અદ્યતન તબીબી સારવાર, ઔષધીય સવલતોના કારણે વ્યક્તિના સરેરાશ આયુષ્યમાં આજે સરેરાશ 4.3 વર્ષમાં વધારો થયો છે. 2001 થી 2005 ના સમયગાળામાં ભારતમાં પ્રજાનું સરેરાશ આયુષ્ય 63.2 વર્ષનું હતું, જ્યારે 2015માં વધીને સરેરાશ આયુષ્ય 67.5 વર્ષનું થયું છે. ભારતમાં 2001-2011 ના એક દાયકામાં વૃદ્ધોની સંખ્યામાં 2.75 કરોડનો વધારો થયો છે. 2011માં એક અંદાજ મુજબ વૃદ્ધ મહિલાઓની સંખ્યા 5.28 કરોડ હતી, જ્યારે પુરુષ વૃદ્ધોની સંખ્યા 5.11 કરોડની હતી. ભારતમાં સૌથી વધુ વૃદ્ધોની વસ્તી કેરાલા અને સૌથી ઓછી સંખ્યા અરુણાચલમાં છે. ગુજરાતમાં વૃદ્ધોની સંખ્યા અંદાજે 35 લાખથી વધુ છે. વૃદ્ધોની વધતી વસતી અને તેમનાં સરેરાશ આયુષ્યમાં વધારો થવાથી સામાજિક અને શારીરિક સમસ્યાઓ જન્મ લઈ રહી છે.




21.5 વૃદ્ધોને રક્ષણ સલામતી

પશ્ચિમી સંસ્કૃતિ, વિભક્ત કુટુંબમાં રહેવાની ઘેલછાએ સંતાનો આ વૃદ્ધ માતા-પિતા તરફની નૈતિક ફરજો, મૂલ્યો અને સંસ્કૃતિ ભુલાવ્યાં છે. વૃદ્ધ માતાપિતાને આર્થિક મદદ સંવેદના કે લાગણીશૂન્ય વર્તન વ્યવહારથી મજબૂર બનીને 'ઘરડા ઘરો' (વૃદ્ધાશ્રમો)માં રહેવાની ફરજ પડે છે. વૃદ્ધોની સમસ્યાઓ પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચવા માટે સંયુક્ત રાષ્ટ્રોએ (UN) સન 1999ના વર્ષને 'આંતરરાષ્ટ્રીય વૃદ્ધ વર્ષ' તરીકે ઘોષિત કર્યું હતું. તેમજ પ્રત્યેક વર્ષે તા. 1 લી (પહેલી) ઓક્ટોબરના દિવસને 'વિશ્વ વૃદ્ધ દિન' તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવામાં આવે છે.

વૃદ્ધો અને નિ:સહાય વ્યક્તિોનું રક્ષણ અને સલામતી સંદર્ભે સરકારે લીધેલાં પગલાંઓ નીચે મુજબ છે.

- 'વૃદ્ધો અંગેની રાષ્ટ્રીય નીતિ'-1999 કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં આવી છે. જે અન્વયે વૃદ્ધોને પેન્શન/આર્થિક સહાય આપવામાં આવે છે. દા.ત. ઈન્દિરાગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અને અટલ પેન્શન યોજના.
- 'સિનિયર સિટિઝન્સ' માટેની સ્કીમ હેઠળ વૃદ્ધોને બેંક કે પોસ્ટ ઑફિસમાં મૂકેલ ડિપોઝીટ પર વધુ વ્યાજની સવલત, બસ, રેલવે કે હવાઈ મુસાફરીમાં પુરુષ-સ્ત્રીઓને ટિકીટના દરમાં 30 ટકાથી 50 ટકા સુધીની રાહત આપવામાં આવે છે.
- રાજ્ય સરકારે પ્રત્યેક જિલ્લામાં એક સુવિધાયુક્ત 'ઘરડાંઘર' ખોલ્યા, શહેરોમાં વૃદ્ધો માટે અલગ બગીચાઓ ખુલ્લા મૂક્યા. વૃદ્ધાશ્રમોમાં સંગીત, યોગ, રમતગમત કે માનસિક ક્ષમતા વધે તેવી પ્રવૃત્તિઓ દ્વારા જીવનમાં શાંતિ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે.

વૃદ્ધોની સુરક્ષા અને સલામતી માટે તથા ઘરેલુ હિંસા, શોષણ કે અત્યાચારો સામે રક્ષણ આપવા સરકારે 'માતા-પિતા અને સિનિયર સિટિઝન્સની સારસંભાળ અને કલ્યાણ સંબંધી કાયદો 2007' અમલમાં મૂક્યો છે, જે અન્વયે

વૃદ્ધોને હેરાન કરતાં તેના સંતાનોને સજા અને દંડ કરવાની જોગવાઈ કરી છે. વૃદ્ધોની સારસંભાળની જવાબદારી કાયદેસર રીતે તેનાં કુટુંબીજનો અને સગાંઓ પર લાદવામાં આવી છે. તથા સંતાનો પાસેથી કાયદેસર રીતે ભરણપોષણ મેળવવાને તેઓ હક્કદાર બન્યાં છે. કેન્દ્ર સરકારે વિશિષ્ટ યોગદાન બદલ પ્રૌઢોને સન્માનિત કરવાનો કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

## અસામાજિક પ્રવૃત્તિઓ

''સમાજમાં કાયદા દ્વારા પ્રસ્થાપિત નિયમોને આધીન ન હોય તેવી વ્યક્તિ કે સમૂહની પ્રતિબંધિત પ્રવૃત્તિ કે વર્તણૂકને અસામાજિક પ્રવૃત્તિ તરીકે ગણવામાં આવે છે.''

સમાજમાં કેટલીક અપરાધજન્ય પ્રવૃત્તિઓ, અસામાજિક કે પ્રતિબંધિત પ્રવૃત્તિઓ આપણને જોવા મળે છે. જેવી કે, ખૂન, ચોરી, અપહરણ, લૂંટફાટ, છેતરપિંડી, બળાત્કાર, છળકપટ અને સાઇબર ક્રાઇમ વગેરે જેને બ્લ્યૂકૉલર અપરાધ કહે છે.

બીજી બાજુ સમાજમાં લાંચરૂશ્વત. ભ્રષ્ટાચાર, કરચોરી, સંગ્રહખોરી, ભેળસેળ, કાળાબજાર, જમીનનાં દબાણો (બિનઅધિકૃત કબ્જો લેવો) વગેરે વ્હાઈટ કૉલર અપરાધ છે.

### ભ્રષ્ટાચાર :

ભ્રષ્ટાચાર એ વૈશ્વિક દૂષણ છે. વિશ્વબૅંક વ્યાખ્યા આપે છે તે મુજબ ''ભ્રષ્ટાચાર એટલે સાર્વજનિક હોદ્દા કે પદનો વ્યક્તિગત લાભ લેવા માટે ઉપયોગ કરવો તે.'' આમ, ભ્રષ્ટાચાર એ પદ અને સત્તાના દુરુપયોગથી જન્મે છે. ભારતીય સમાજના કેટલાક જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર વ્યાપક સ્વરૂપે જોવા મળે છે. ભ્રષ્ટાચાર આચરનારાં બંને- આપનાર અને લેનાર કાનૂની રાહે ગુનેગાર છે અને સજાને પાત્ર છે.

## ભ્રષ્ટાચાર - દેશ અને વિદેશમાં

વર્તમાન સમયમાં ભ્રષ્ટાચાર વિશ્વના અનેક દેશોમાં વત્તા-ઓછા પ્રમાણમાં વ્યાપેલો છે. ભ્રષ્ટાચારનું આચરણ વિવિધ સ્વરૂપે જોવા મળે છે જેમાં મુખ્યત્વે રોકડ લેવડદેવડ, ભેટ સોગાદો, કિંમતી આભૂષણો કે ચીજવસ્તુઓ કે વિદેશી પ્રવાસ સ્વરૂપે, પક્ષપાતી વલણ, નિર્ણયમાં લાગવગ, સગાવાદ કે હિતાર્થીઓની તરફેણ કરવી વગેરે સ્વરૂપે જોવા મળે છે.

**ભ્રષ્ટાચારની અર્થતંત્ર** અને સમાજ પર વિપરીત અસર પડે છે જે નીચે મુજબ છે :

- સમાજમાં ભ્રષ્ટાચારી આચરણ થકી નૈતિક મૂલ્યો અને સામાજિક નીતિનિયમોનું ધોરણ નીચું છે.
- અર્થતંત્રમાં કાળાનાણાંની સમસ્યા ઉદ્ભવે છે, જે રાષ્ટ્રના વિકાસને અવરોધે છે.
- રાજ્યના કાયદાઓ, ન્યાય પ્રણાલી, સત્તા અને વહીવટીતંત્ર પરથી લોકોનો વિશ્વાસ ઘટે છે. પ્રમાણિક વ્યક્તિ હતાશા અને નિરાશા અનુભવે છે.
- માનવ અધિકારોનું હનન થાય છે. તે થકી સમાજમાં અન્યાય અને આવકની અસમાનતા ઉદ્ભવે છે જેમાંથી વર્ગવિગ્રહ પેદા થાય છે.
- ભ્રષ્ટાચારથી લોકોમાં નૈતિકતા અને રાષ્ટ્રીય ચારિત્ર્ય જોખમાય છે અને સામાજિક - આર્થિક વ્યવસ્થાનું સ્તર નીચું જાય છે.

## ભ્રષ્ટાચારને ડામવાના ઉપાયો

ભ્રષ્ટાચારને દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે :

(1) ભારતમાં 1964માં 'કેન્દ્રિય લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો'ની સ્થાપના કરી છે જે સરકારી તંત્રમાં વકરેલા ભ્રષ્ટાચારની બદીને નેસ્તનાબૂદ કરવાન પ્રયાસો કરે છે. ભ્રષ્ટાચારીને રંગે હાથ પકડીને તેની સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરે છે.

સરકારનો આ એક સ્વતંત્ર અને અલગ વિભાગ છે. ગુજરાતમાં તેની મુખ્ય કચેરી શાહીબાગ- અમદાવાદમાં આવેલ છે. જાહેર જનતાને ભ્રષ્ટાચાર સંબંધી કોઈ ફરિયાદ હોય તો તે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર 1800 2334 4444 પર ફરિયાદ કરી શકે છે.

(2) ભ્રષ્ટાચારને અટકાવવા ભારત સરકારે ''ભ્રષ્ટાચાર વિરોધી નિયમો- 1988 ઘડ્યો, જે થકી સાર્વજનિક જીવનને શુદ્ધ કરવું અને સત્તા કે પદનો દુરુપયોગ થતો રોકવો.

કોઈપણ જાહેર સેવક, ઉચ્ચ પદાધિકારીઓ, રાજકારણીઓએ પદ કે ઉચ્ચ હોદ્દો ધારણ કરતાં પહેલાં પોતાની તમામ સંપત્તિની માહિતી સોગંદનામું કરીને જાહેર કરવાનું ફરજિયાત છે. જો તેમના કાર્યકાળ દરમ્યાન તેની આવક કરતાં સંપત્તિ વધુ ધરાવતા હોવાનું પકડાય ત્યારે શિક્ષાપાત્ર ગુનો બને છે. આવી સંપત્તિ કે બેનામી સંપત્તિ સરકાર પોતે જપ્ત કરે છે.

(3) 'માહિતી અધિકાર - 2005' અને 'નાગરિક અધિકાર પત્ર' બહાર પાડ્યો છે જેની પાછળ સરકારી કર્મચારી દ્વારા વહીવટી કાર્યો નિયત સમય મર્યાદામાં કામ પૂરું કરવાની બાંહેધરી આપીને, પોતાના કાર્યક્ષેત્ર અને સત્તા હેઠળના કાર્યમાં થતો વિલંબ દૂર કરીને પારદર્શક અને સરળ વહીવટની જાહેર જવાબદારી વધારવાનો હેતુ છે.

(4) કેન્દ્ર સરકારે હાલમાં બ્લેકમની એક્ટ - 2005 ઘડ્યો, જેમાં ભ્રષ્ટાચારને અપરાધિક સ્વરૂપે ગુના તરીકે સમાવેશ કર્યો છે. આ ઉપરાંત ફેમા (FEMA)(ફોરેન એક્સચેઈન્જ મેનેજમેન્ટ એક્ટ) કાયદામાં તથા 'મની લેન્ડરીંગ એક્ટમાં તેમજ કસ્ટમ એક્ટની ધારા - 132'માં સુધારો કર્યો. લોકપાલ અને લોકાયુક્તની નિમણૂક કરીને કાળુનાણું શોધવાના અને ભ્રષ્ટાચાર ડામવાના નક્કર પ્રયાસો કર્યા છે.

(5) સરકારી અધિકારી દ્વારા આચરેલ સત્તાના બેફામ ઉપયોગ અને ભ્રષ્ટાચારની ફરિયાદને આધારે ખાતાકીય તપાસનું કાર્ય 'ગુજરાત તકેદારી સેવા આયોગ', ગાંધીનગર કરી રહ્યું છે.



21.7 માહિતી અધિકાર-ફાયદો

**માહિતીના (મેળવવાના) અધિકાર બાબતનો અધિનિયમ-2005 (RTI-2005) :** માહિતી મેળવવાના અધિકાર બાબતનો અધિનિયમ કેન્દ્ર સરકારે તા. 15મી જૂન 2005ના રોજ બહાર પાડ્યો છે. તે જમ્મુ-કશ્મીર રાજ્ય સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડે છે. આ ધારો દેશની ગુપ્તચર સંસ્થા, રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી એકતા અને અખંડિતતાને સ્પર્શે એવી બાબતોની સંસ્થાઓ, અને વિદેશી એલચીઓની કચેરી સહિત કેટલાંક અપવાદ સિવાય તમામ સંસ્થાઓને લાગુ પડે છે. ગુજરાત સરકારે આ ધારાકીય જોગવાઈઓને આધીન 'ગુજરાત માહિતી અધિકાર બાબતના નિયમો- 2005' તા. 5 મી ઑક્ટોબર - 2005 ના રોજ બહાર પાડ્યા અને અમલીકૃત કર્યા છે.

પારદર્શક, સ્વચ્છ, સરળ અને ઝડપી વહીવટી કામગીરી થાય અને તેમાં પ્રજાકીય સહયોગ પ્રાપ્ત કરવાનો આ ધારાનો મૂળ હેતુ રહ્યો છે. આ ધારાકીય, જોગવાઈ હેઠળ કોઈપણ નાગરિક તેનાં અટકેલાં કાર્યો અંગે કે યોજનાઓના અમલીકરણ અંગે કે પ્રજાલક્ષી કાર્યોની સફળતા કે સ્થિતિ અંગે સંબંધિત વિભાગના ઉપરી અધિકારીને પ્રશ્નો પૂછીને સાચી માહિતી મેળવી શકે છે.

### માહિતી મેળવવી શી રીતે ?

આ અધિકાર અન્વયે માહિતી મેળવવા માટે અરજદારે નિયત નમૂનામાં નિર્ધારિત ફીની રકમ હાલમાં રૂ. 20 (વીસ) રોકડમાં અથવા પોસ્ટલ ઓર્ડર, પે-ઓર્ડર કે નોન જ્યુડિશિયલ સ્ટેમ્પ અરજી સાથે જોડવાની રહે છે. આ અરજી સ્વહસ્તાક્ષરમાં, ટાઈપ કરેલ કે ઈ-મેઈલ દ્વારા પણ જે-તે વિભાગમાં કરી શકાય છે. બી.પી.એલ યાદી હેઠળના કુટુંબની વ્યક્તિએ કોઈ જ ફી કે નકલો અંગેનો ચાર્જ ચૂકવવાનો હોતો નથી. માહિતીની અરજીમાં ક્યા કારણોસર માહિતી

માંગી છે તેનાં કારણો જણાવવાની જરૂર નથી. અરજી મળ્યાની પહોંચ નમૂનામાં જે તે મદદનીશ જાહેર માહિતી અધિકારી (APIO) એ અરજીનો ક્રમાંક (ID નંબર) પાડીને, અરજદારને એક નકલ આપશે. ત્યાર પછીના અરજી સંદર્ભના પત્રવ્યવહારમાં I D ક્રમાંક દર્શાવવાનો હોય છે.

માહિતી મેળવવાની અરજી સ્વીકાર્યાના 30 (ત્રીસ) દિવસમાં અરજીનો નિકાલ APIO કરશે. જો કોઈ નમૂના કે નકલ માંગી હશે તો તેની ધારામાં નિર્ધારિત કરેલ ધોરણ અનુસાર અરજદાર પાસેથી ફી કે ચાર્જ વસૂલ કરીને માહિતીના ઉત્તરો આપશે. જો માહિતી રાષ્ટ્રના સાર્વભૌમત્વ, રાષ્ટ્રીય હિત કે સલામતીને સ્પર્શતી ગોપનીય બાબતો, અદાલતી તિરસ્કાર થઈ શકે તેવી, વૈજ્ઞાનિક રહસ્યો કે ગુનાને ઉત્તેજન મળે તેવી માહિતી આપવાનો ઈન્કાર ધારા અન્વયે કરી શકે છે.

### અપીલની જોગવાઈ

જો જે-તે વિભાગ 30 (ત્રીસ) દિવસમાં માહિતીનો નિકાલ ન કરે કે માહિતી આપવાનો ઈન્કાર કરે તો નારાજ થયેલ પક્ષકાર જાહેર માહિતી અધિકારી (PIO) ને હુકમ મળ્યાના 30 (ત્રીસ) દિવસમાં પ્રથમ અપીલ કરી શકે છે. આ માટે અરજદારે કોઈ ફીની રકમ ચૂકવવાની નથી.

પ્રથમ અપીલમાં નિર્ધારિત સમય મર્યાદામાં નિર્ણયની જાણ ન થાય કે માહિતીના ઈન્કારથી નારાજ થયેલ પક્ષકાર 90 (નેવું) દિવસમાં રાજ્યના મુખ્ય માહિતી અધિકારીને બીજી અપીલ કરી શકે છે.

### દંડની જોગવાઈ

કોઈપણ માહિતી અધિકારી વાજબી કારણો વિના માહિતી આપવાનો ઈન્કાર કરે, બદઈરાદાથી માહિતી છુપાવે, જાણીબૂઝીને અધૂરી કે ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપે કે માહિતીનો નાશ કરે તેવા કિસ્સામાં માહિતીના વિલંબ બદલ જેટલા દિવસ વિલંબ થયો હોય તેટલા દિવસ દીઠ નિયત રકમ મુજબ દંડ જે-તે દોષિત માહિતી અધિકારીને થાય છે.

માહિતી અધિકારના કાયદાના ઉપયોગ અંગે તથા વિશેષ જાણકારી અને માર્ગદર્શન મેળવવા માટે દેશની સૌ પ્રથમ હેલ્પ લાઈન નંબર 9924085000 પરથી જાહેર રજાના દિવસો સિવાય કામકાજના સમય દરમ્યાન જાણી શકાય છે. વધુમાં, આ ધારા અન્વયે 'નાગરિક અધિકાર પત્ર' ઘોષિત થયું છે જેનાથી જે તે કચેરીમાં કામના નિકાલની પહેલેથી સમયમર્યાદા નક્કી કરી દેવામાં આવી છે, તેથી અરજી સંદર્ભે શું સ્થિતિ છે તે જાણી શકાય છે. ગુજરાત સરકારે 'કોમન સર્વિસ પોર્ટલ' સેવા શરૂ કરી છે જેના પરથી નાગરિક 28 જેટલી સેવાઓ સંદર્ભે ઓનલાઈન અરજી, દસ્તાવેજોની ચકાસણી, પેમેન્ટ જેવી સુવિધા અને અરજીની તાજી સ્થિતિ 24X7 દિવસમાં જાણી શકે છે. ભ્રષ્ટાચારને જાકારો આપવા આ એક ક્રાંતિકારી અધિનિયમ છે.

### બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના હક્કનો કાયદો - 2009. (RTE-2009)




21.8 Right To Education

કેન્દ્ર સરકારે 2009ની સાલમાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો કાયદો અમલમાં મૂક્યો, જે કાયદા અનુસાર ગુજરાત સરકારે તા. 18 ફેબ્રુઆરી 2012 ના રોજ 'બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના હક્કના નિયમો 2012' જાહેર કર્યા છે.

### આ કાયદો શા માટે ?

ભારતીય બંધારણના 86મા સુધારા મુજબ 6થી 14 વર્ષની વય જૂથનાં તમામ બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. બાળકોની માનવીય ક્ષમતાઓના શારીરિક, માનસિક અને સર્વાંગીણ વિકાસ અર્થે

જરૂરી શિક્ષણની તકો ઊભી કરવાની દિશામાં તથા ગુણવત્તા સભર પ્રાથમિક શિક્ષણની માંગને પહોંચી વળવાની દિશામાં આ કાયદો એ એક આગવું કદમ છે.

(1) આ કાયદામાં બાળકોના શિક્ષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને શાળાકીય શૈક્ષણિક સવલતો અને ભૌતિક સુવિધાઓના ચોક્કસ માપદંડો નિર્ધારિત કર્યા છે અને તે મુજબની વર્ગખંડ, પ્રયોગખંડ, ચોખ્ખું પીવાનું પાણી, વીજળી, મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા અને ગુણવત્તા, શિક્ષકોની લાયકાત અને નિમણૂકનાં ધોરણો, શાળાને આર્થિક સહાય રૂપે અપાતા અનુદાનની જોગવાઈઓ નિર્ધારિત કરવામાં આવી છે. જેમાંની કેટલીક નીચે મુજબ છે.

(2) આ કાયદામાં 6થી 14 વર્ષની ઉંમર ધરાવતા દરેક બાળકને તેના રહેઠાણથી નજીકમાં હોય એવી શાળામાં પ્રવેશ આપવો. ઉંમરના આધાર-પુરાવારૂપે જન્મનું પ્રમાણ પત્ર ન હોવાના કારણોસર કોઈને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી શકાતો નથી.

(3) પ્રાથમિક શિક્ષણ પૂરું કરે ત્યાં સુધી એટલે કે 14 વર્ષ પૂરાં થયાં હોય તો પણ તેનું શિક્ષણ ચાલુ રાખીને તેને મફત શિક્ષણ પૂરું પાડવાનું છે.

(4) પ્રવેશ આપતી વખતે બાળકની ઉંમર 6 વર્ષની હોવી જોઈએ અને તેને જન્મનો દાખલો ન હોય તો પણ હૉસ્પિટલનો રેકર્ડ, માબાપની બાળકના ઉંમર સંબંધી સોગંદનામાને આધારે પ્રવેશ આપવાનો છે.

(5) શાળામાં કોઈપણ જાતના ભેદભાવ વગર પ્રવેશ આપવાનો આદેશ છે.

(6) પ્રવેશ સમયે દાન કે કેપિટેશન ફી સ્વરૂપે કે અન્ય ડિપોઝીટરૂપે કે અન્ય ફી પેટે કોઈ પણ રકમ લઈ શકાતી નથી.

(7) પ્રવેશ સમયે બાળક કે માતા-પિતાનો ઈન્ટરવ્યૂ લઈને પ્રવેશ આપવો કે માતા-પિતાની આવક અને શૈક્ષણિક લાયકાત કે યોગ્યતાના આધારે કે પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપી શકાશે નહિ.

(8) 3થી 5 વર્ષની વયજૂથનાં બાળકોના શિક્ષણ માટે પ્રિ-સ્કૂલના (બાળમંદિર) શિક્ષણ, અભ્યાસક્રમ, પાઠ્યક્રમ, મૂલ્યાંકન અને તેમના શિક્ષકો માટે ખાસ તાલીમ અંગેના નિયમો સૌપ્રથમવાર ઘડીને ક્રાંતિકારી પગલું ભરીને નર્સરીને કાયદા હેઠળ આવરી લીધો છે.

(9) નબળા વર્ગો કે પછાત વર્ગો (SC અને ST)માંથી અભ્યાસ અર્થે પ્રવેશવાંચ્છુ બાળકોને તેમની કાયદામાં દર્શાવેલી ઓળખના આધારે બીપીએલ યાદી પરનાં કુટુંબનાં બાળકોને સરકારમાન્ય ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ 1 (એક)માં વર્ગની કુલ ક્ષમતાથી 25 ટકાની મર્યાદામાં ફરજિયાત પ્રવેશ આપવાની આદેશાત્મક જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે.

(10) શાળાના શિક્ષકો ખાનગી ટ્યુશનની પ્રવૃત્તિ કરી શકશે નહિ.

(11) શાળાના લઘુ લાયકાત ધરાવતા શિક્ષકોએ 5 (પાંચ) વર્ષમાં નિર્ધારિત ધોરણે શૈક્ષણિક લાયકાત મેળવી લેવાની છે.

(12) બાળકને બદલી સિવાયના કારણોસર પ્રાથમિક શિક્ષણ પૂરું ન કરે ત્યાં સુધી શાળામાંથી હાંકી કાઢી શકાશે નહિ.

(13) ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ પામેલ SC, STનાં બાળકોની ફીની ચૂકવણી શરતોને આધીન જે-તે શાળાને સરકાર ચૂકવી દેશે.

(14) આ કાયદાની જોગવાઈઓના પાલન અર્થે એક અલાયદું વ્યવસ્થાતંત્ર, ટ્રિબ્યુનલ કે રાજ્ય કાઉન્સિલ જેવી જોગવાઈ કરી છે. આ અધિનિયમના ભંગ બદલ શાળા સંચાલકોને દંડ તથા શાળાની માન્યતા પાછી ખેંચવા સુધીની જોગવાઈ કાયદામાં છે.

## રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-2013 (RTF-2013)

અન્નસુરક્ષા એટલે 'દરેક વ્યક્તિ માટે બધા જ સમયે સક્રિય અને સ્વસ્થ જીવન માટે પૂરતા પોષણક્ષમ આહારની પ્રાપ્તિ.'

કેન્દ્ર સરકાર દ્વારા તા. 5 જુલાઈ, 2013ના રોજથી આ વિધેયક અમલમાં આવ્યું.



21. અન્નસુરક્ષા ધારો-2013
વાજબીભાવે/મફત અન્ન સહાય

### અન્ન સલામતી વિધેયકની જરૂરિયાત (હેતુઓ) :

(1) દેશની વધતી જતી વસતીની અનાજની કુલ માંગને સંતોષવા તેમ જ દરેક સમયે પૂરતા પ્રમાણમાં સસ્તા દરે, ગુણવત્તાસભર અનાજ પૂરું પાડવું.

(2) બાળકોમાં કે પ્રજામાં કુપોષણની સમસ્યા નિવારવા માટેનો યોગ્ય પ્રબંધ કરવા અને પોષણક્ષમ આહારના કુલ ઉત્પાદનમાં વધારાને પ્રોત્સાહન આપવા માટે.

(3) જાહેર વિતરણ પ્રણાલી (PDS)ને વધુ સુદૃઢ, પારદર્શક અને સરળ બનાવવા.

(4) અંત્યોદય યોજના અને બી.પી.એલ. યાદીમાં નોંધાયેલાં અગ્રિમ કુટુંબોને અન્ન સુરક્ષા, પોષણક્ષમ આહાર રૂપે જરૂરી માત્રામાં રાહતદરે અનાજ ઉપલબ્ધ કરાવવા માટે અને તેને આનુષંગિક બાબતો સરળતાથી મળી રહે તે માટે.

(5) ગર્ભવતી સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ (ધાત્રીમાતાઓ)ને પોષણક્ષમ માત્રામાં અનાજની જરૂરિયાતની સહાય કરવા માટે.

### કેટલીક ધારાકીય જોગવાઈઓ :

- આ ધારા હેઠળ અને 'મા અન્નપૂર્ણા યોજના' મુજબ શહેર કે ગ્રામ વિસ્તારનાં જરૂરિયાતમંદ, મધ્યમવર્ગનાં ગરીબ કુટુંબોને વાજબી ભાવથી અનાજ પૂરું પાડવામાં આવે છે, તે મુજબ રાજ્યના અંત્યોદય કુટુંબોને પ્રતિમાસ 35 કિગ્રા અનાજ મફતમાં પૂરું પાડવમાં આવે છે.
- આ યોજના હેઠળના તમામ લાભાર્થીઓને અનાજ પેટે ઘઉં ₹ 2-00 પ્રતિકિલો અને ચોખા ₹ 3-00 પ્રતિકિલો અને મોટું (જાડું) અનાજ ₹ 1-00 પ્રતિકિલોના ભાવે સમયસર, નિયત માત્રામાં, ગુણવત્તાસભર અનાજ જાહેર વિતરણ પ્રણાલી (PDS) હેઠળ નિયત શરતોને આધીન પૂરું પાડવામાં આવે છે.
- ગર્ભવતી સ્ત્રીઓને પ્રસૂતિ સહાયરૂપે ₹ 6000ની રકમ કેન્દ્ર સરકાર દ્વારા ચૂકવાશે.
- આ વિધેયક હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીઓને ભોજન કે અનાજના બદલામાં 'અન્ન સુરક્ષા ભથ્થું' મેળવવા હકદાર બનાવી શકે છે.
- આ ધારા મુજબ 'ગુજરાત સરકાર' અંત્યોદય અને બી.પી.એલ. પરિવારોને દર માસે ખાંડ, આયોડાઇઝ મીઠું, કેરોસીન અને વર્ષમાં બે વખત ખાદ્ય તેલનું રાહતદરે વિતરણ રેશનીંગની દુકાનો મારફત કરવામાં આવે છે.
- રાજ્ય સરકારો આ અગ્રિમ કુટુંબોની યાદી અદ્યતન કરશે અને સુધારશે તથા આવી નામોની યાદીઓ (કુટુંબની મહિલાના નામે) ગ્રામપંચાયત, ગ્રામસભામાં, વોર્ડસભામાં, ઇ-ગ્રામ કે વાજબીભાવની દુકાનો કે મામલતદારની કચેરીઓ, પુરવઠા વિભાગની વેબસાઇટ પર જાહેરમાં પ્રદર્શિત કરશે.

- જાહેર વિતરણ પ્રણાલીમાં સુધારણા કરીને તેને સુદૃઢ બનાવીને ભ્રષ્ટાચાર મુક્ત વિતરણ વ્યવસ્થા માટે 'બાયોમેટ્રીક ઓળખ', એપીકકાર્ડ, બારકોડેડ રેશનકાર્ડ કે અન્નકૂપન તથા વેબકેમેરાથી ઈમેજ લેવાનાં પગલાં ભર્યાં છે.
- આ વિધેયક હેઠળ 'આંતરિક ફરિયાદ નિવારક તંત્ર' ઊભું કરવું અને ફરિયાદોના નિવારણ અર્થે 'નોડેલ અધિકારી' નિમવા અનાજ વિતરણ વ્યવસ્થાનું નિયમન અને નિયંત્રણ અને ફરિયાદ અર્થે રાજ્યમાં 'રાજ્ય અન્ન આયોગ' ની રચના અને ફૂડ કમિશનરની નિમણૂક કરવાની રહેશે. આમ, 'રાષ્ટ્રીય અન્ન સલામતી ધારા'ની અનેક જોગવાઈઓ અંતર્ગત 'મા અન્નપૂર્ણા યોજના' અન્વયે ગુજરાતના આશરે 3.82 કરોડ જરૂરિયાતમંદ નાગરિકોને રાહતદરે અનાજ આપવાની કલ્યાણકારી યોજના રાજ્ય સરકારે અમલમાં મૂકીને આવકારદાયક પગલું ભર્યું છે.

## દિવ્યાંગોના શૈક્ષણિક અધિકાર

ઘણીવાર જોવા મળે છે કે આપણે જેને શારીરિક રીતે અક્ષમ ગણીએ તેવા વ્યક્તિની સિદ્ધિથી પ્રભાવિત થવું પડે છે. દિવ્યાંગ વ્યક્તિને પૂરતી તકો અને પ્રશિક્ષણ મળે તો તેમની દિવ્યાંગતા કોઈ રીતે બાધક બનતી નથી. સમાજમાં તેઓની શક્તિઓનો રચનાત્મક ઉપયોગ કરી શકાય છે. આ બાળકો આપણા સમાજનું અવિભાજ્ય અંગ છે. તેઓની આ ક્ષમતા ઉજાગર કરવા માટે તેમજ માત્ર દિવ્યાંગ હોવાથી પૂર્વગ્રહ પ્રેરિત અન્યાયનો ભોગ ન બને તે હેતુથી ભારત સરકારે કરેલ અધિનિયમ અંતર્ગત તેમના શિક્ષણ માટે કેટલાંક પગલાં ભર્યા છે.

શારીરિક, માનસિક, સાંવેગિક કે સામાજિક લાક્ષણિકતામાં અન્યથી જુદાં પડતા હોય તેવા બાળકોને દિવ્યાંગ બાળકો કહેવામાં આવે છે. જેથી તેઓની ક્ષમતાઓ વિકસાવવા માટે ખાસ સામાજિક અને શૈક્ષણિક સેવાઓની જરૂર પડે છે.

દિવ્યાંગોના ઉત્કર્ષ માટે સરકારશ્રીએ દિવ્યાંગજન અધિકાર અધિનિયમ 2016 (The Right of Persons with Disabilities Act 2016) પ્રસિદ્ધ કરેલ છે. જેમાં વિવિધ પ્રકારની દિવ્યાંગતાને 21 પ્રકારે વર્ગીકૃત કરેલ છે. આવા દિવ્યાંગ વ્યક્તિઓને જન્મજાત ગરીમા, તેમના પ્રત્યે આદર સ્વીકાર કરી અને મૈત્રીભાવ સાથે સમાન તક મળે, તેઓ પ્રત્યે કોઈ ભેદભાવ રાખવામાં ન આવે. આવી વ્યક્તિ સમાજના દરેક ક્ષેત્રમાં સહભાગીદારી કરી શકે તેવા સિદ્ધાંત સ્વીકારવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ થયેલ દિવ્યાંગજન અધિકાર અધિનિયમ 2016 અનુસાર વર્ગીકૃત થયેલ 21 પ્રકારની દિવ્યાંગતાઓ આ પરિશિષ્ટમાં દર્શાવેલ છે :

### 21 પ્રકારની દિવ્યાંગતાઓ

| | | |
|---|---|---|
| (1) | અંધત્વ (સંપૂર્ણ દૃષ્ટિહીન) | Blindness |
| (2) | સ્નાયુઓને વિકૃતિ થતાં સ્નાયુક્ષય | Muscular Dystrophy |
| (3) | શ્રવણ મંદતા/બહેરાશ | Hearing Impairment |
| (4) | ક્રોનિક ન્યુરોલૉજીકલ શરતો | Chronic Neurological Condition |
| (5) | રક્તસ્રાવ | Haemophilia |
| (6) | અલ્પ દૃષ્ટિ | Low Vision |
| (7) | કંપન - (ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા) | Parkinson's Disease |

| | | |
|---|---|---|
| (8) | બૌદ્ધિક દિવ્યાંગતા | Intellectual Disability |
| (9) | થેલેસેમિયા(લોહીમાં હિમોગ્લોબીનની ખામી) | Thalassemia |
| (10) | કુષ્ઠરોગમાંથી સાજો થયેલ વ્યક્તિ | Leprosy Cured Person |
| (11) | દીર્ઘકાલીન - (પાંડુરોગ) | Sickle Cell Disease |
| (12) | એસિડના હુમલાનો ભોગ બનેલા | Acid Attack Victims |
| (13) | શારીરિક હલન-ચલનની અશક્તતા | Locomotor Disability |
| (14) | મગજનો લકવો | Cerebral Palsy |
| (15) | વામનતા | Dwarfism |
| (16) | માનસિક બીમારી | Mental Illness |
| (17) | બહુવિધ સ્કલેરોસિસ - શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ | Multiple Sclerosis |
| (18) | ખાસ શિખવા સંબંધિત દિવ્યાંગતા | Specific Learning Disabilities |
| (19) | વાણી અને ભાષાની અશક્તતા | Speech and Language Disability |
| (20) | વર્ણપટલની માનસિક વિકૃતિ | Autism Spectrum Disorder |
| (21) | બહુ દિવ્યાંગતા સહ બધિરાંધતા | Multiple Disabilities Including Deaf Blindness |

સરકારશ્રીએ સરકાર માન્ય શૈક્ષણિક સંસ્થાઓને દિવ્યાંગ બાળકોની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને જરૂરી સુવિધાઓ પૂરી પાડવાનો નિર્દેશ આપેલ છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે અને તેઓ લઘુતાનો અનુભવ ન કરે તે માટે પ્રોત્સાહનભર્યું અને તંદુરસ્ત વાતાવરણ તૈયાર કરીને આવા વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને સામાજિક રીતે એકરૂપતાનો અનુભવ કરે તે માટે જરૂરી જોગવાઈ અધિનિયમ અન્વયે આ પ્રમાણે આપેલ છે.

(1) દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ, શિક્ષણ, રમતગમત જેવી અન્ય પ્રવૃત્તિઓમાં સમાન તક આપવામાં આવે, સામાન્ય વિદ્યાર્થીઓની જેમ જ દિવ્યાંગ વિદ્યાર્થીઓને તેમની સાથે બેસવા દેવા અને વાણી, વર્તન અને વ્યવહારમાં દિવ્યાંગ સાથે ભેદભાવ રાખવા નહિ, આ અંગે વિશેષ કાળજી રાખવી.

(2) શૈક્ષણિક સંસ્થાઓની ભૌતિક સુવિધાઓ દિવ્યાંગ બાળકો સુગમ્ય રીતે તેનો ઉપયોગ કરી શકે, તે રીતે સુવિધાઓ પૂરી પાડવી. દા.ત. ઢાળવાળો રેમ્પ બનાવવો, અવર-જવર વગેરેની અડચણો દૂર કરવી. બેસવાની ખુરશી તથા બેંચની વ્યવસ્થા, સંડાસ, બાથરૂમ તેઓના માટે સરળ અને સુવિધાજનક સવલતો પૂરી પાડવી.

(3) દિવ્યાંગ બાળકોને શૈક્ષણિક કારકિર્દી અને સામાજિક વિકાસ સતત અને સર્વગ્રાહી રીતે થાય તેવું વાતાવરણ પૂરું પાડવું.

(4) જેઓ દૃષ્ટિક્ષતિ, શ્રવણક્ષતિ અથવા બધિરાંધતા હોય તેવા દિવ્યાંગ બાળકો માટે યોગ્ય ભાષા સંજ્ઞાઓની લિપિ વગેરે દ્વારા તેઓ સમજી શકે તે રીતે યોગ્ય શિક્ષણ આપવું.

(5) દિવ્યાંગ બાળકોમાં અભ્યાસને લગતી વિશિષ્ટ મર્યાદાઓ ઓળખી કાઢીને તે ખામીઓ દૂર કરવાની કાળજી લઈને તેવા વિદ્યાર્થીઓ સરળતાથી અભ્યાસ કરે તેવા અભ્યાસક્રમલક્ષી જરૂરી પગલા ભરવા.

(6) દિવ્યાંગ બાળકોની સતત અને સર્વગ્રાહી પ્રગતિનું નિરીક્ષણ કરવું.

(7) દિવ્યાંગ બાળકોને તેની શારીરિક મર્યાદાઓ પ્રમાણે વાહનની કે તેના મદદનીશને વાહનની સુવિધા આપવાની કાર્યવાહી કરવી.

(8) દિવ્યાંગ બાળકો ભણતરથી વંચિત રહી જાય નહિ તે માટે શાળાએ જતાં બાળકોનું દર 5 વર્ષે સર્વે કરી અનુકાર્ય કરવું.

(9) શાળાકીય અભ્યાસ પ્રવૃત્તિઓના તમામ સ્તરે મદદરૂપ થાય તેવા સંસાધન કેન્દ્ર(Resource Room)ની રચના કરવી.

(10) નોંધપાત્ર દિવ્યાંગતાવાળા (Benchmark Disability) વિદ્યાર્થીઓ માટે યોગ્યતા અનુસાર શિષ્યવૃત્તિ આપવી.

(11) દિવ્યાંગ બાળકોને અડચણ વિના સરળતાથી પરીક્ષા આપી શકે તેવી સુવિધા પૂરી પાડવી.

(12) દિવ્યાંગ વિદ્યાર્થીઓ/બાળકો પ્રત્યે કોઈ અપશબ્દો બોલવા, તિરસ્કાર કે હિંસા કરવી, શોષણ કે રેગીંગ જેવી પ્રવૃત્તિ ન થાય તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી. આ માટે ખાસ કમિટી રચીને દિવ્યાંગોના પ્રશ્નોનો નિકાલ કરવો.

(13) દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે બચાવ, મદદ, રક્ષણ, પુનઃસ્થાપન જેવી કામગીરી કરવી. આવા વિદ્યાર્થીઓ જો ચાલુ અભ્યાસ દરમિયાન શાળા છોડી જાય તો તેના કારણો તપાસી તેમને પુનઃસ્થાપનમાં મદદ કરવી.

(14) દિવ્યાંગ બાળકો માટે વિદ્યાર્થી, વાલીઓ, લોકો અને સમાજમાં જાગૃતતા કેળવવી.

(15) નોંધપાત્ર દિવ્યાંગતાવાળા (Benchmark Disability) બાળકોને તેના રહેઠાણની નજીક તેની પસંદગીની શાળામાં અથવા ખાસ શાળામાં પ્રવેશનો અધિકાર રહેશે. નોંધપાત્ર દિવ્યાંગતાવાળા (Benchmark Disability) દરેક બાળકને તેના 18 વર્ષની વય પ્રાપ્ત કરે ત્યાં સુધી યોગ્ય વાતાવરણમાં મફત શિક્ષણ અને વિનામૂલ્યે વિશિષ્ટ સાધનોનો લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવું.

## દિવ્યાંગને મળતી વિશિષ્ટ સવલતો

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જાહેર પરીક્ષાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને નીચે મુજબની સવલતો આપવામાં આવે છે :

- પરીક્ષા ફી માંથી મુક્તિ, વિષય પસંદગીમાં છૂટછાટ.
- દૃષ્ટિહીન ઉમેદવારોને આકૃતિવાળા પ્રશ્નોમાંથી મુક્તિ.
- ભાષાકીય જોડણીમાં છૂટછાટ.
- ત્રણ કલાકનાં પ્રશ્નપત્રમાં 30 મિનિટનો વધારે સમય આપવો.
- પરીક્ષામાં જવાબવહી લેખનમાં લહિયાની સુવિધા.
- પાસ થવા માટેનાં 100 માંથી ઓછામાં ઓછા 20 ગુણે ઉત્તીર્ણ(પાસિંગ ધોરણ 20%).
- પરીક્ષા કેન્દ્રમાં ભોંયતળિયે બેઠક વ્યવસ્થા.

- દિવ્યાંગ પરીક્ષાર્થીને અનુરૂપ ફર્નિચર સુવિધા અને વિશિષ્ટ સાધન સામગ્રીનો ઉપયોગ કરવાની છૂટ તથા દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે બ્રેઈલ લિપિમાં પ્રશ્નપત્રની સુવિધાઓ આપવામાં આવે છે.

  આ માટે વિદ્યાર્થીઓએ શાળાના આચાર્યશ્રી પાસેથી માર્ગદર્શન મેળવવું તેમજ www.disabilityaffairs.gov.in પરથી વિશેષ માહિતી મેળવી શકાશે. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં 5% જગ્યામાં પ્રવેશમાં દિવ્યાંગજનો માટે અનામત રાખવી તેમજ ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષની પ્રવેશમાં છૂટછાટ આપેલ છે.

## સુગમ્ય ભારત અભિયાન અંગેની દિવ્યાંગો માટેની વિગતો

દિવ્યાંગજનોને સમાજમાં અને સાર્વજનિક સ્થાનોમાં સરળતાનો અનુભવ થાય તથા સમાન તકો મળે તે હેતુથી કેટલીક સુવિધાઓ ઊભી કરવાનું ઠરાવાયું છે.

- દિવ્યાંગજનો માટે સરકારી/જાહેર સંસ્થાઓમાં રેમ્પની સુવિધા, બ્રેઈલલિપિમાં સાઈન બોર્ડ, એસ્કેલેટરની સુવિધા પૂરી પાડવી.
- દિવ્યાંગ બાળકોને ટેકનિકલ શિક્ષણ આપી કૌશલ્યવર્ધક બનાવવા પર ભાર મૂકવો. વીમાની, સ્વાસ્થ્ય અને સંસાધનની સુવિધા, પેન્શન અને જરૂરી વિશિષ્ટ સહાયક ઉપકરણો પૂરા પાડવા.
- દિવ્યાંગોને ટાસ્ક એનાલિસિસ કાર્ય વિશ્લેષણ દ્વારા શિક્ષણ પૂરું પાડવું, દિવ્યાંગોને અલગ ટોઈલેટ/બાથરૂમની વ્યવસ્થા પૂરી પાડવી. દિવ્યાંગોને મોબાઈલ એપથી તેમજ થીમબેઝ શિક્ષણ મળી રહે તેવી સુવિધા પૂરી પાડવી. સરકારી અને ખાનગી નોકરીમાં દિવ્યાંગો માટે 4% બેઠક અનામત રાખવાની કાયદામાં જોગવાઈ કરેલ છે.
- દિવ્યાંગોને સરકાર તરફથી મળતા તમામ લાભો જેવા કે શિષ્યવૃત્તિ, એસ.ટી.બસ પાસ, રેલવે પાસ વગેરેમાં કન્સેશન આપવામાં આવે છે.
- દિવ્યાંગોને સહાયક સાધન સામગ્રી તરીકે એબેક્સ, ગણિતપાટી, કેલિપર્સ, ક્ર્ચીસ, ઓડિયો સીડી, બ્રેઈલ ટેક્સબુક લાર્જ પ્રિન્ટેડ મટિરિયલ્સ, શ્રવણયંત્ર, સ્ટીક, વ્હીલચેર, કૃત્રિમ હાથ-પગ વગેરે.
- ખેલ મહાકુંભમાં દિવ્યાંગો ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી.
- દિવ્યાંગો માટે સુગમ્ય પુસ્તકાલયોની સુવિધા ઊભી કરવી.
- 3 ડિસેમ્બરને 'વિશ્વ દિવ્યાંગજન દિન' તરીકે ઊજવવો.
- ચૂંટણી સમયે દિવ્યાંગ મતદાન કરી શકે તે માટે તે જે વિસ્તારમાં હોય તે સ્થળેથી મતદાન કુટિર સુધી વાહનની વ્યવસ્થા કરવી તેમજ દૃષ્ટિહીન દિવ્યાંગજનને ચૂંટણી ઓળખપત્ર અને બેલેટ પેપર(મતપત્ર) બ્રેઈલલિપિમાં પૂરા પાડવા.

દિવ્યાંગજનોનો વિકાસ એ સમાજની એટલે કે આપણા સૌની સામૂહિક ફરજ છે. આપણું વર્તન, આપણો વ્યવહાર તેમનામાં ઉત્સાહભરે તેવા હોવા જોઇએ. આપણે સૌ તેમને પ્રોત્સાહિત કરીશું. તો તેઓ સમાજમાં સમાન અધિકાર અને સમાન તકનો અનુભવ કરી સ્વયં પોતાનો ઉત્કર્ષ સાધી સમાજનું અભિન્ન અંગ બનશે તે વાત નિશંક છે.

આમ, બાળકો, વૃદ્ધો અને દિવ્યાંગજનો પરત્વે આપણો અભિગમ હકારાત્મક હશે તો સમાજમાં રચનાત્મક પરિવર્તન અવશ્ય આવશે જ.

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો :

(1) ભારતીય બંધારણમાં કયા બાળ અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?

(2) વૃદ્ધોની સમસ્યાઓ વર્ણવો તથા તેમનાં રક્ષણ અને કલ્યાણ સંબંધી જોગવાઈઓ વર્ણવો.

(3) માહિતી મેળવવાના અધિકારના હેતુઓ જણાવી માહિતી મેળવવાની પ્રક્રિયા જણાવો.

(4) બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારની મુખ્ય જોગવાઈઓ સમજાવો.

(5) રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા અન્વયે અનાજ સંબંધી વિવિધ સંવર્ગોને અનાજ વિતરણ સંબંધી તથા જાહેર વિતરણ પ્રણાલી સંબંધિત જોગવાઈઓ વિગતે ચર્ચો.

(6) દિવ્યાંગ વિદ્યાર્થીઓને સરકાર તરફથી મળતી સુવિધાઓ વર્ણવો.

### 2. નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો :

(1) સામાજિક પરિવર્તન થવાનાં મુખ્ય પરિબળો જણાવો.

(2) કાયદાના સામાન્ય જ્ઞાનની જાણકારી શાથી જરૂરી બની છે ?

(3) 'બાળવિકાસ એ આર્થિક વિકાસની પૂર્વશરત છે' સમજાવો.

(4) ભ્રષ્ટાચાર નાથવાના સરકારી પ્રયાસો જણાવો.

(5) અન્ન સલામતી વિધેયકના હેતુઓ વર્ણવો.

(6) દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળતી વિશિષ્ટ સવલતો જણાવો.

### 3. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો

(1) બાળશ્રમિકની માંગનું પ્રમાણ શા માટે વધુ હોય છે ?

(2) નાગરિકોના મૂળભૂત અધિકારો જણાવો.

(3) બાળમજૂરીનાં વિવિધ સ્વરૂપો વર્ણવો.

(4) ભ્રષ્ટાચાર ભાવવધારાનું એક કારણ છે. શા માટે ?

(5) 'મા અન્નપૂર્ણા યોજના'ની મહત્ત્વની જોગવાઈ જણાવો.

(6) દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સરકારે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ 2016 પ્રસિદ્ધ કરેલ છે. શા માટે ?

### 4. નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો

(1) ભારતીય સમાજમાં પરિવર્તન લાવનારું મુખ્ય પરિબળ કયું છે ?

(A) રૂઢિઓ-પરંપરાઓ (B) લોકમત (C) પશ્ચિમીકરણ (D) સાક્ષરતા

(2) માનવહકોનું ઘોષણાપત્ર કોણે ઘોષિત કર્યું ?

(A) ગ્રેટબ્રિટન (B) સંયુક્ત રાષ્ટ્રો (C) યુનિસેફ (D) વિશ્વબૅંક

(3) 'વિશ્વ વૃદ્ધદિન'ની ઉજવણી કઈ તારીખે થાય છે ?

(A) 8 માર્ચ (B) 1લી ઑક્ટોબર (C) 1લી એપ્રિલ (D) 15મી જૂન

(4) નીચેનામાંથી કઈ માહિતી આપવાનો ઈન્કાર કરી શકાય છે ?

(A) ચૂંટણીપંચ (B) સરકારી યોજનાઓ

(C) ન્યાયિક ચુકાદા (D) રાષ્ટ્રની અખંડિતતા સાર્વભૌમત્વની બાબતો

(5) મફત શિક્ષણ મેળવવાના કાયદામાં કઈ બાબતો પર મનાઈ ફરમાવી છે ?

(A) જન્મના દાખલા વગર પ્રવેશ (B) ખાસ તાલીમની સુવિધા

(C) પ્રવેશ કસોટી વિના પ્રવેશ (D) પ્રવેશ સમયે કેપિટેશન ફી

(6) જાહેર વિતરણ પ્રણાલીને વધુ સુદૃઢ બનાવવા નવી કઈ બાબતો અમલમાં મૂકી છે ?

(A) બારકોડેડ રેશનકાર્ડ (B) એટીએમકાર્ડ (C) બાયોમેટ્રીક ઓળખ (D) ચૂંટણીનું ઓળખપત્ર

(7) દિવ્યાંગ વિદ્યાર્થીની ઉંમર કેટલા વર્ષની થાય ત્યાં સુધી મફત શિક્ષણ આપવામાં આવે છે ?

(A) 15 વર્ષ (B) 16 વર્ષ (C) 17 વર્ષ (D) 18 વર્ષ

## પ્રવૃત્તિ

- તમારી આસપાસનાં સ્થળો પર કાર્યરત બાળમજૂરોનો સરવે કરો. તેમનાં કુટુંબ, શિક્ષણ, કામની સ્થિતિ-પ્રકાર, શોષણ કે અત્યાચાર સંબંધી માહિતી પર અહેવાલ તૈયાર કરાવો.
- જિલ્લામાં આવેલાં 'ઘરડાં ઘરો'ની મુલાકાત લઈને વૃદ્ધોની સમસ્યાઓ, તેમની પ્રવૃત્તિઓ અને તેમને મળતી સવલતો, સુવિધાનો ચિત્રાત્મક રીપોર્ટ બનાવો.
- 'બાળદિન-14મી નવેમ્બર'ની ઉજવણી નિમિત્તે બાળમજૂરી વિરુદ્ધ ઝુંબેશરૂપે એક જનજાગૃતિ રેલીનું આયોજન કરવું.
- સસ્તા અનાજની દુકાનો અને અન્ય દુકાનો પરથી મળતાં અનાજ, તેલ, ખાંડ, મીઠું વગેરેના ભાવો, ગુણવત્તા અને વિતરણ વ્યવસ્થાનો તુલનાત્મક અભ્યાસ કરો. (છેલ્લાં બે વર્ષની વિગતોના આધારે)
- મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવાના અધિકારમાં કરેલી જોગવાઈઓના આધારે તમારી પ્રાથમિક શાળાનું મૂલ્યાંકન કરી એક અહેવાલ તૈયાર કરો અને ત્રુટિઓ દૂર કરવા સંચાલકોને વિનંતી કરો.

●●●